Volume-5, Issue-04, April 2018 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# “આદિવાસીઓમાં થતા રોજગારી અર્થે મજૂરોના સ્થળાંતરનો અભ્યાસ”

## *(દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સંદર્ભમાં)*

**પ્રો. મણીલાલ આર પટેલ**

**અર્થશાસ્ત્ર વિભાગ**

**સખીદા કોલેજ લીંબડી,જી.સુરેન્દ્રનગર**

***ટૂંકસાર:*** *ગુજરાત રાજયમાં 2011 ના સર્વ પ્રમાણેગુજરાતમાં કુલ વસતિના 14.75 ટકા આદિવાસી વસતિ વસવાટ કરે છે જે પૈકી દાહોદ જિલ્લામાં કુલ વસતિના 74.32 ટકા વસતિ આદિવાસી છે જેમાં કુલ વસતિના 20.95 ટકા વસતિ રોજગારી માટે સ્થળાંતર કરે છે દાહોદ જિલ્લામાં ગ્રામીણ વસ્તી 20.42 ટકા અને શહેરી વસતિ 0.53 ટકા રોજગારી માટે સ્થળાંતર કરે છે. દાહોદ જિલ્લાની વસતિ રોજગારી માટે ગુજરાત રાજયના જુદા-જુદા વિસ્તારોમાં ઋતુગત અને કાયમી સ્થળાંતર કરતાં મજૂરો વધારે છે આ મજૂરો ખેતીક્ષેત્ર, બાધકામ, રસ્તાઓના કામ માટે વધારે સ્થળાંતર કરતા આદિવાસી શ્રમિક મજૂરો છે. દાહોદ જિલ્લાના સ્થળાંતર કરતાં મજૂરોનો અભ્યાસ, સ્થળાંતર કરવા પાછળના કારણો અને આવક-ખર્ચનો અભ્યાસની વિગતે ચર્ચા સંશોધન અભ્યાસમાં કરવામાં આવી છે.*

**Keywords:** *સ્થળાંતર કરતા આદિવાસી કુટુંબોનુ શિક્ષણ, સ્થળાંતર કરવા પાછળના કારણો અને કુટુંબોની આવક-ખર્ચ.*

### 1.1 પ્રસ્તાવના

ગુજરાત રાજયની પૂર્વ પટ્ટીનો ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનુ મુખ્ય રહેઠાણ છે. આ પ્રદેશો ઉત્તરમાં અરવલ્લીની પર્વતમાળામાં પૂર્વમાં સાતપુડા અને વિધ્યાચલની પર્વતમાળા અને દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વતમાળામાં આવેલા છે. ગુજરાતમાં આદિવીસીઓની મુખ્યત્વે વસ્તી અગ્યાર જિલ્લાના 43 તાલુકામાં પથરાયેલી છે.ઉત્તરમાં સાબરકાંઠા અને બનાસકાંઠા, મધ્યભાગમાં દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, નર્મદા, અને દક્ષિણમાં સુરત, નવસારી, વલસાડઅને ડાંગ જિલ્લાઓમાં આદિવાસી વસ્તી વધારે પ્રમાણમાં આવેલી છે. ગુજરાતમાં કુલ 25 અનુસૂચિત જનજાતિઓમાં સમાવેશ થાય છે. (જોષી, 2009)

આદિવાસી અર્થવ્યવસ્થાને અલ્પવિકસીત અર્થવ્યવસ્થા ગણવામાં આવે છેભારતની જેમ ગુજરાતના આદિવાસીઓમાં પણ આ વ્યવસ્થા મિશ્રઅર્થતંત્રની છે. અર્થાત દરેક આદિવાસી જનજાતી એક કરતા વધુ વ્યવસાય કરીને જીવનનિર્વાહ કરે છે. જે જનજાતિઓ ખેતી કરે છે તેઓ જંગલની પેદાશો વિણી લાવે છે તથા પશુપાલન પણ કરે છે. મરઘા ઉછેરે છે પોતાના મુખ્ય વ્યવસાય ઉપરાત ખેતમજૂરી કે અન્ય મજૂરી માટે કેટલીક જાતીઓ માંથી સ્થળાંતર પણ કરે છે.

2001ની વસ્તી ગણતરી પ્રમાણે અનુસૂચિત જનજાતિનાં કામના પ્રકાર પ્રમાણે આંકડા મળી શક્ય નથી. પણ સમગ્ર ગુજરાત અને આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓનાં આકડા નીચેની સરખામણીમાં જોવા મળે છે. સમગ્ર ગુજરાતની દ્રષ્ટિએ તો કુલ કામદારો માંથી 27.30ટકાખેડૂત, 24.28ટકા ખેતમજૂર, 2.02ટકા ગૃહઉધોગો અને 46.40ટકાઅન્ય વ્યવસાય કરતા જોવા મળે છે તેની સરખામણીમાં આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓના આંકડા પ્રમાણે 30.87ટકાખેડૂત , 26.49ટકાખેતમજૂર, 1.74ટકાગૃહઉધોગો અને 40.90ટકાઅન્ય વ્યવસાય કરતા જોવા મળ્યા છે. (જોષી, 2009)

### 1.2 અભ્યાસના હેતુઓ

(1)સ્થળાંતર કરતાંઆદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

(2)સ્થળાંતર કરતાં આદિવાસી કુટુંબોના ખર્ચનું પ્રમાણ વધારે હોય છે.

(3)સ્થળાંતર કરતાં આદિવાસી કુટુંબોને દેવાનું પ્રમાણ વધારે હોય છે.
(4)કુટુંબોના રોજગારીના વિવિધ વલણો શોધવા.

**1.3સ્થળાંતરનો અર્થ અને ખ્યાલ** "માનવીની સ્થળાંતરની લાક્ષણિકતા ઐતિહાસીક તબક્કા અનુસાર પરીવર્તન પામતી રહી છેસ્થળાંતર એટલે વ્યકિતના કે સમગ્ર જૂથના વસવાટના સ્થળાંતરમાં થતા ફેરફાર , લોકોની એક સ્થળેથી બીજા સ્થળે થતી અવર-જવરને સ્થળાંતર તરીકે ઓળખાવી શકાય છે. સ્થળાંતર ભૌગોલિક કે રહેઠાણ સંબધી ગતિશીલતા છે ".

ગ્રામીણ ગુજરાતમાં શ્રમસ્થળાંતરના લક્ષણને તપાસવાનું છે. શ્રમસ્થળાંતર એ ઔધોગીકરણ પછીની ઘટના છે. આમ રોજગારીના અર્થે થતા સ્થળાંતરનો સમાવેશ થાય છે. ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો રાજયના કેટલાક ચોક્કસ વિસ્તારોમાં રોજગારીનાં એમુક ક્ષેત્રમાં એક મોટી સંખ્યાનુ શ્રમબળ અન્ય વિસ્તારો માંથી આજીવિકા રળવા આવતુ જણાય છે. શ્રમસ્થળાંતરની આ ઘટના બે તરાહમાં છે. પહેલી તરાહમાં શ્રમિકોની મોટી સંખ્યા વર્ષનાં એક ચોક્કસ સમય ગાળા માટે જ સ્થળાંતર કરે છે. અને નિયત સમયે વતન પાછા ફરે છે. દરેક વર્ષ આવી ઘટના બનતી જોવા મળે છે. બીજી તરાહમાં સ્થળાંતરિત શ્રમિકો વતન તરફ જતા નથી. પરતુ રોજગારીના સ્થળે જ સ્થાય થાય છે. અને મોટા ભાગના આ શ્રમિકો અસંગઠિત ક્ષેત્રે કામ કરે છે.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આદિવાસીઓની અર્થવ્યવસ્થા પરંપરાગત ખેતી આધારીત અને પરંપરાગત સંલગ્ન વ્યવસાય આધારીત છે. પરંતુ કેટલાક વિસ્તારમાં ઘણા ખેડુતો માટે ખેતી બિનઉપજાવ છે. ત્યારે કેટલાક ગૌણ વ્યવસાયો કરવા પડે છે. પરંતુ ગૌણ વ્યવસાય કરવા છતા તેમના કુટુંબોનું ભરણપોષણ થઈ શકતું નથી. ત્યારે તેઓ તેમના વિસ્તારમાંથી સ્થળાંતર કરીને એક જગ્યાએથી બીજી જગ્યાએ મજુરીએ જાય છે.
સ્થળાંતર માટે કેટલાંક જુદા-જુદા કારણો જવાબદાર હોય છે. સ્થળાંતર માટે આર્થિક કારણ , નગર પ્રત્યેનું આકર્ષણ , નોકરી, બદલી, લગ્નના નિયમો, ઉચ્ચશિક્ષણ અને તાલીમ, રાજનૈતિક કારણોસર તથા કુદરતી આફત જેવા કારણો જવાબદાર હોય છે. ઉપરોક્ત કારણોમાંથી કેટલાક લોકોને સ્થળાંતર કરવા ફરજ પડે છે. આ તમામ કારણોને Pushએટલે ધક્કો દેનાર કારણો અનેPullએટલે કે ખેંચાણ કરનાર તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. (આયંગર ,2013)

દાહોદ જિલ્લાના સ્થળાંતર માટેના ધક્કો દેનાર ( Push) કારણમાં ગામમાં રોજગાર અને આજીવિકાના સાધનોનો અભાવ હોય છે. મૌસમી બેકારી, અર્ધબેકારી, પ્રચ્છન બેકારીના લીધે અનિચ્છાએ પણ સ્થળાંતર કરવાની ફરજ પડે છે.હંગામી અને કાયમી સ્થળાંતર પ્રસ્તુત વિષયવસ્તુ મુખ્યત્વે હંગામી સ્થળાંતરના આધારીત છે.
સ્થળાંતર અમુક કારણ આધારીત થતા જોવા મળે છે જેમાં સ્થળાંતર આધારીત કારણમાં આકર્ષણ ( pull)અને અપાકર્ષણ (push)પરીબળો જોવા મળે છે.

ડોનાલ્ડબોગેના લેખમાં 'ઈન્ટરનેશનલ માઈગ્રેસન' માં push- pull theoryની વિગતવાર ચર્ચા કરી છે. સ્થળાંતરના એક જવાબદાર પરીબળ તરીકે નગરોમાં મળી આવતી નગર જીવનને લગતી આર્કષિત પરીસ્થિતિઓ ( pull)હોય છે. પ્રથમ પરીબળને કારણે સ્થળાંતર કરનારાઓને નગર આર્કષતુ નથી. પરંતુ તેઓ ગામડામાં આજીવિકાના અપુરતા સાધનો કે તેમના સદંતર અભાવના કારણે ત્યાથી ધકેલાયને નગરોમાં ઉભરાય છે.

વિકાસશીલ દેશોમાં જણાતા વિકાસને કેન્દ્રમાં રાખીને આર્થર લેવિસ એક મોડેલ વિકસાવ્યુ. આ મોડેલ દ્વિ-સ્વરૂપી અર્થતંત્રની વિભાવના પર આધારીત છે. કૃષિક્ષેત્રે અને આધુનિકક્ષેત્રે આ બે સ્વરૂપો છે. આ પૈકીના પ્રથમક્ષેત્રમાં બેરોજગારી અને અલ્પરોજગારીની પરિસ્થિતિ છે. જયારે બીજી બાજુ ઉધોગક્ષેત્રમાં પૂર્ણરોજગારી છે. કૃષિક્ષેત્રમાં સીમાત ઉત્પાદકતા શુન્ય છે. (અથવા) તો ખુબ જ ઓછી છે. અને શ્રમકોને અસ્તિતવ ટકી રહે એટલુ જ વેતન આપવામાં આવે છે. ઔધોગિકક્ષેત્રની તુલનામાં વેતન વધુ મળે છે. બંને ક્ષેત્ર વચ્ચેના આ વેતન તફાવતને કારણે પ્રથમ ક્ષેત્રથી બીજા ક્ષેત્રો (કૃષિ-ઉધોગ) વચ્ચેનો

સ્થળાંતરનો પ્રવાહ જન્મે છે. આધુનિક ઉધોગક્ષેત્રને કારણે શ્રમબળનો અખુટ પુરવઠો મળતો રહે છે. અને તેનો સતત વિકાસ થતો રહે છે. ઉધોગનો સતત વિકાસ શ્રમની માંગમા વધારો કરે છે. અને આથી ગ્રામીણ વિકાસમાં વધારો કરે છે. આથી ગ્રામીણ કૃષિક્ષેત્ર તરફથી શહેરી તરફનો શ્રમ સ્થળાંતરનો પ્રવાહ કૃષિક્ષેત્રની બેરોજગારી નાબુદન થાય ત્યાં સુધી અવિરત પણે ચાલુ રહે છે.માઈકલ તોડેરાએ એક મોડેલ વિકસાવ્યું છે જેમા ચાર મુદ્દાઓનો નિર્દેશ કર્યો છે.

1. સાપેક્ષ લાભોની વિવેક બુદ્ધિયુકત આર્થિક ગણતરીને લક્ષમાં રાખી મૂળભૂતપણે સ્થળાંતર થાય છે.
2. સ્થળાંતરનો નિર્ણય શહેરી-ગ્રામીણ વેતન વચ્ચેના વાસ્તવિક અંતર કરતાં 'અપેક્ષિત' ગણતરી આધારીત હોય છે. આ ઉપંરાત શહેરના આધુનિક ક્ષેત્રમાં રોજગારી પામવામાં સફળતા સાકળવાની શકયતા પણ સ્થળાંતર પ્રેરે છે.
3. શહેરમાં રોજગારી મળવાથી સફળતાની શક્યતાનુ પ્રમાણ શહેરી બેરોજગારીના દરના વ્યસ્ત પ્રમાણ હોય છે.
4. શહેરમા અધિક વેતન પ્રાપ્ત થતુ હોય ત્યાં ખુબ મોટું અને સતત સ્થળાંતર થવાનુ અને આથી , શહેરમાં બેરોજગારી વધવાની.

આ સિદ્ધાંતમાં પ્રથમ નજરે સ્થળાંતરની લાક્ષણિકતાથી યથાર્થ સમજ આપતા જણાય છે તે તમામ ગ્રામીણ વિસ્તાર તરફથી શહેરી વિસ્તારો તરફના સ્થળાંતરનો ઉલ્લેખ કરતા હોવા છતા એક ગ્રામીણ વિસ્તારથી બીજા ગ્રામીણ વિસ્તાર તરફના સ્થળાંતર પ્રવાહ માટે પણ લાગુ પાડી શાકાય તેમ છે. રોજગારીની વધુ સારી પરિસ્થિતિ શ્રમ સ્થળાંતરને પ્રેરે છે. એવો એક સામાન્ય તર્ક પણ આ સિદ્ધાતો માંથી નિકળે છે. પરતુ દરેકમાં મૂળભૂત એક ત્રુટી જોઈ શકાય છે. સ્થળાંતર એ આર્કષણ અને અપાર્કષણનાં પરીબળો કે વેતનનો તફાવતો શાથી ઉદભવ પામે છે. તેને માત્ર ભૌગોલિક પરીબળોથી તે સમજાવી શકાય નહી. આ અસમાન પરિસ્થિતિઓમા આપણી પ્રર્તમાન મૂડીવાદી અર્થવ્યવસ્થા અને તેના અપનાવેલ વિકાસનીતિ અર્થ-સામાજિક વિષમતા ઉપરાત ઉપર મુજબની આંતર-પ્રાદેશિકતા જન્માવે છે. અને તેના કારણે શ્રમસ્થળાંતરની ઘટના આકાર લે છે. (પટેલ અને દેસાઈ,1992)

સ્થળાંતર કરનારા કયા સ્થળાંતર કરે છે. તેના આધારે સ્થળાંતરના પ્રવાહો જાણી શકાય છે. ચેર્ટજી ભારતના સંદર્ભમાં 1961 અને 1971 ની વસ્તી ગણતરીના આંકડાઓની મદદથી સ્થળાંતર અને અંતરના પ્રવાહોમાં ત્રણ પ્રકારની વાત કરે છે.

- ટુંકા અતંરનુ સ્થળાંતર - જયાં સ્થળાંતર કરનાર જે સ્થળની વસ્તી ગણતરીમાં હોય તે જિલ્લા માંથી આવ્યો હોય.
- મધ્ય અંતરનુ સ્થળાંતર - જયાં સ્થળાતર કરનારનુ જન્મ સ્થળ જેતે રાજયના બીજા જિલ્લામાં હોય.
- લાંબા અંતરનુ સ્થળાંતર - જેનુ જન્મ સ્થળ અન્ય રાજય કે પરપ્રાંતમાં આવેલું હોય.

(આયંગર,2013)

અતુલ ભટ્ટ પોતાના એક અભ્યાસમાં (1979) ખેડા જિલ્લાના બે ગામોમાં સ્થળાંતરિત શ્રમિકોની સંખ્યા 4500ની નોંધે છે. આ બે ગામોની અમારી જાત મુલાકાતમાં અમને આ સંખ્યા 6000ની જણાઈ છે. પંચમહાલની મુલાકાત વખતે ત્યાંની એક જાણકાર વ્યકિતએ જણાવ્યુ કે , દાહોદ અને ગોધરા તાલુકામાં તમને એક પણ કુટુંબમાં એવુ જોવા મળે કે જેમાંથી ઓછામાં ઓછા એક સભ્ય મજુરી કાર્ય માટે સ્થળાંતર કર્યુના હોય શા માટે ખેડુતો વધુને વધુ સ્થળાંતરિત શ્રમિકોને કામે રાખી રહ્યા છે ? આ પ્રશ્ન સાથે જ તપાસ માંગી લે છે. તેનું વર્ણન કરવામાં આવેલ છે.

સ્થળાંતરિત શ્રમિકોનું પ્રમાણ ગામવાર બદલાતુ રહે છે. પંચમહાલ જિલ્લામાં દસ ગામોનો એક અભ્યાસ દર્શાવે છે. તેમ આ ગામોમાં 63 ટકા કુટુંબો એવા છે. જેમાથી એક કે તેથી વધુ સભ્યો સ્થળાંત કરી અન્ય જગ્યાએ ગયલાં છે. અભ્યાસના વર્ષે દેવગઢ બારિયાના બામરોલી ગામે સૌથી વધુ 93 ટકા સ્થળાંતરિત શ્રમિકો નોંધાયા છે જયારે સૌથી ઓછી ટકાવારી દાહોદ તાલુકાના ગામડી ગામના 26 ટકા સ્થળાંતરિત શ્રમિકોની ટકાવારી જોવા મળી છે.
(પટેલ અને દેસાઈ,1992)

**1.4 સંશોધન પદ્ધતિ**

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આદિવાસી વસતિ રોજગારી માટે સ્થળાંતર કરતાં કુટુંબોનો અભ્યાસ કરવા માટે કુલ 89 ગામો માંથી વધુ સ્થળાંતર કરતાં હોય તેવા 10 ગામોની પસંદગી કરવામાં આવી છે આ 10 ગામો માંથી રોજગારી માટે સ્થળાંતર કરતાં 150 કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં 150 કુટુંબોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે આ અભ્યાસ માટે કુલ 300 કુટુંબોનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસમાં સ્થળાંતર કરતાં કુટુંબોની પ્રાથમિક માહિતી વર્ષ 2015-16 ની છે. સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોનું શિક્ષણ, જમીનનું પ્રમાણ, માસિક ખર્ચ, દેવાનું પ્રમાણ અને રોજગારીના સ્ત્રોત્તોનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ભાગ 2

**2.1 રોજગારી માટે સ્થળાંતર કરતાં કુટુંબોના પરિચય**

**2.1 દાહોદ જિલ્લામાં મુખ્ય કામકરનારની શહેરી અને ગ્રામ્ય વસ્તીની માહિતી દર્શાવતુ કોષ્ટક**

દાહોદ જિલ્લામાં મુખ્ય કામકરનારની શહેરી અને ગ્રામ્ય વસ્તી દર્શાવવામાં આવી છે જેમાં ખેડૂતો, ખેતમજૂરો, ગૃહઉધોગવિભાગમાં રોકાયેલ મજૂરો અને અન્ય મજૂરો નીચેના કોષ્ટક પ્રમાણે છે.

કોષ્ટક નં.2.1

| દાહોદ જિલ્લામાં મુખ્ય કામકરનારની શહેરી અને ગ્રામ્ય વસ્તી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વિગત | ગ્રામ્ય | શહેરી | કુલ |
| 1 | ખેડુતો | 307489 (98.6) | 4343 (1.4) | 311832 (100.0) |
| 2 | ખેતમજુરો | 115579 (97.9) | 2685 (2.1) | 128264 (100.0) |
| 3 | ગૃહઉધોગવિભાગમાં રોકાયેલ | 3585 (81.4) | 820 (18.6) | 4406 (100.0) |
| 4 | અન્ય | 63316 (58.1) | 45577 (41.9) | 108893 (100.0) |
| 5 | સરેરાશ | 499969 (90.3) | 53425 (9.7) | 553395 (100.0) |
| સ્ત્રોત : વસ્તી ગણતરી પુસ્તિકા એકમની કચેરી, ગાંધીનગર | | | | |

પ્રસ્તુત કોષ્ટક નં. 2.1માં દાહોદ જિલ્લામાં મુખ્ય કામકરનારની શહેરી અને ગ્રામ્ય વસ્તી દર્શાવવામાં આવી છે ગ્રામ્ય વિસ્તારમાં કામનાર વસ્તી 90.3 ટકા અને શહેરી વસ્તી 9.7 ટકા સરેરાશ છે જે પૈકી દાહોદ જિલ્લામાં ખેડુતોગ્રામ્ય વિસ્તારમાં 98.6 અને શહેરી વિસ્તારમાં 1.4 ટકા છે. ખેતમજુરો ગ્રામ્ય વિસ્તારમાં 97.9 ટકા અને શહેરી વસ્તી 2.1 ટકા છે. ગૃહઉધોગવિભાગમાં રોકાયેલગ્રામ્ય વિસ્તારમાં 81.4 ટકા અને શહેરી વસ્તી 18.6 ટકા છે અને અન્યક્ષેત્રે રોકાયેલ કામદાર વસ્તી ગ્રામ્ય વિસ્તારમાં 58.1 ટકા અને શહેરી વસ્તી 41.9 ટકા વસ્તી છે. દાહોદ જિલ્લામાં શહેરી વિસ્તાર કરતાં ગ્રામીણ વિસ્તારમાં કામદારોની વસ્તી વધારે છે.

**2.2 ધાનપુર તાલુકાના પસંદ કરેલા ગામોની સાક્ષરતા અને નિરક્ષરતાની માહિતી દર્શાવતુ કોષ્ટક**

ધાનપુર તાલુકાના ગામોની સાક્ષર અને નિરક્ષર સ્ત્રી પુરૂષની વસ્તીનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે જે નીચે પ્રમાણે છે.

કોષ્ટક નં. 2.2

| ધાનપુર તાલુકાની સાક્ષર અને નિરક્ષરવસ્તી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | | સાક્ષરતા | | નિક્ષરતા | | કુલ |
| ક્રમ | ગામ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | ભોરવા | 1441 (21.3) | 975 (14.4) | 1963 (29.0) | 2399 (35.4) | 6778 (100.0) |
| 2 | ઘોડાઝેર | 622 (21.2) | 402 (13.7) | 782 (26.6) | 1129 (38.5) | 2935 (100.0) |
| 3 | કોંટબી | 305 (19.6) | 210 (13.5) | 467 (30.0) | 576 (37.0) | 1558 (100.0) |
| 4 | ડુંમકા | 571 (21.4) | 432 (16.2) | 727 (27.2) | 943 (35.3) | 2673 (100.0) |
| 5 | પીપેરો | 1056 (26.1) | 730 (18.0) | 964 (23.8) | 1301 (32.1) | 4051 (100.0) |
| 6 | દુધઆંબલી | 622 (31.3) | 207 (10.4) | 485 (24.4) | 676 (34.0) | 1990 (100.0) |
| 7 | સજોઈ | 833 (15.1) | 573 (10.4) | 1947 (35.4) | 2150 (39.1) | 5503 (100.0) |
| 8 | ભીંડોલ | 372 (27.6) | 248 (18.4) | 305 (22.6) | 422 (31.3) | 1347 (100.0) |
| 9 | સીમામોઈ | 630 (34.1) | 366 (19.8) | 325 (17.6) | 529 (28.6) | 1850 (100.0) |
| 10 | નાનસલાઈ | 237 (26.9) | 137 (15.5) | 211 (23.9) | 297 (33.7) | 882 (100.0) |
| સરેરાશ | | 6689 (22.6) | 4280 (14.5) | 8176 (27.7) | 10422 (35.2) | 29567 (100.0) |
| **સ્ત્રોત** :census of gujrat 2011 | | | | | | |

પ્રસ્તુત કોષ્ટક નં. 2.2 માં ધાનપુર તાલુકાની સાક્ષર અને નિરક્ષર વસ્તીનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે જેમાં ધાનપુર તાલુકાના સ્ત્રી પુરૂષનો સાક્ષરતા અને નિરક્ષરતાના દરનું પ્રમાણ ટકાવારીમાં દર્શાવેલ છે. ધાનપુર તાલુકામાં પુરૂષ 22.6 ટકા અને સ્ત્રી14.5 ટકા સાક્ષરતા અને પુરૂષ 27.7 ટકા અને સ્ત્રી35.2 ટકા સરેરાશનિક્ષરતાનું પ્રમાણ છે જે પૈકી સીમામોઈ ગામમાં પુરૂષોમાં સાક્ષરતાદર 34.1 ટકા સૌથી વધારે છે અને સ્ત્રીઓમાં 19.8 ટકા છે. કોષ્ટક પરથી સાબિત કરી શકાય છે કે સીમામોઈ ગામમાં સાક્ષરતાનું પ્રમાણ વધારે છે.

**2.3 ધાનપુર તાલુકાના પસંદ કરેલા ગામોના કુલકામદારો અને સ્થળાંતર કરતાં કામદારોની માહિતી દર્શાવતુ કોષ્ટક**

ધાનપુર તાલુકાના કુલ કામદાર સ્ત્રી પુરૂષ અને સ્થળાંતર કરતાં કામદાર સ્ત્રી પુરૂષનું પ્રમાણ નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

કોષ્ટક નં. 2.3

| ધાનપુર તાલુકામા ગામોના કુલકામદારો અને સ્થળાંતર કરતા કામદારો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વિગત | | કુલ કામદારો | | | સ્થળાંતર કરતા કામદારો | | |
| ક્રમ | ગામ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| 1 | ભોરવા | 1674 (50.4) | 1650 (49.6) | 3324 (100.0) | 1050 (72.8) | 403 (27.7) | 1453 (100.0) |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 2 | ઘોડાઝેર | 714 (52.1) | 656 (47.9) | 1370 (100.0) | * | * | * |
| 3 | કોંટબી | 394 (50.3) | 390 (49.7) | 784 (100.0) | 131 (74.4) | 45 (25.6) | 176 (100.0) |
| 4 | ડુંમકા | 665 (47.7) | 721 (51.6) | 1396 (100.0) | 423 (80.0) | 106 (20.0 ) | 629 (100.0) |
| 5 | પીપેરો | 1070 (50.1) | 1067 (49.9) | 2138 (100.0) | 494 (87.6) | 70 (12.4) | 564 (100.0) |
| 6 | દુધઆંબલી | 530 (50.7) | 515 (49.3) | 1045 (100.0) | 144 (91.1) | 14 (8.9) | 158 (100.0) |
| 7 | સજોઈ | 1279 (49.98) | 1280 (50.02) | 2559 (100.0) | 617 (73.2) | 226 (26.8) | 843 (100.0) |
| 8 | ભીંડોલ | * | * | * | * | * | * |
| 9 | સીમામોઈ | 532 (51.5) | 501 (48.5) | 1033 (100.0) | 143 (76.5) | 44 (23.5) | 187 (100.0) |
| 10 | નાનસલાઈ | 242 (50.2) | 240 (49.8) | 482 (100.0) | 103 (83.1) | 21 (16.94) | 124 (100.0) |
| સરેરાશ | | 7100 (50.28) | 7020 (49.72) | 14120 (100.0) | 3105 (76.97) | 929 (23.03) | 4034 (100.0) |
| સ્ત્રોત:census of gujrat 2011 | | | | | | | |

નોધ : આ કોષ્ટકમાં સ્ટાર ચિન્હ (* ) માહિતી ઉપ્લધ નથી તેવુ સુચવે છે.

પ્રસ્તુત કોષ્ટક નં. 2.3 માં ધાનપુર તાલુકાના કુલ કામદાર સ્ત્રી પુરૂષ અને સ્થળાંતર કરતાં કામદાર સ્ત્રી પુરૂષનું પ્રમાણ નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે ધાનપુર તાલુકામાં પુરૂષ કામદારો 50.28 ટકા અને સ્ત્રી કામદારો 49.72 ટકા અને સ્થળાંતર કરતા કામદાર પુરૂષો 76.97 ટકા અને સ્ત્રીઓ 23.03 ટકા સરેરાશ કામદારો છે જે પૈકી કુલ કામદાર સ્ત્રીઓ ડુમકા ગામમાં 51.6 ટકા સૌથી વધારે છે અને સ્થળાંતર કરતી સ્ત્રી કામદારોમાં27.7 ટકા ભોરવા ગામમાં સૌથી વધારે છે. કોષ્ટક પરથી જાણી શકાય છે કે ધાનપુર તાલુકામાંથી 76.97 ટકા પુરૂષો અને 23.03 ટકા સ્ત્રીઓ રોજગારી માટે સ્થળાંતર કરે છે.

## ભાગ 3

### 3.1ધાનપુર તાલુકાના કુટુંબોનું શિક્ષણ

ધાનપુર તાલુકાના કુટુંબોનું શિક્ષણનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે જેમાં નિરક્ષર, પ્રાથમિક અને માદ્યમિક શિક્ષણ સુધી અભ્યાસ કરેલા ઉત્તરદાતાઓ છે જે નીચેના કોષ્ટકમાં દર્શાવેલા છે.

કોષ્ટક નં. 3.1

| ધાનપુર તાલુકાના કુટુંબોનું શિક્ષણ | | | | |
|---|---|---|---|---|
| વિગત | નિરક્ષર | પ્રાથમિક | માદ્યમિક | કુલ |

*2016, RHIMRJ, All Rights Reserved*

| | | | | |
|---|---|---|---|---|
| સ્થળાંતર કરતાં કુટુંબો | 99<br>33.0 | 47<br>15.7 | 04<br>1.3 | 150<br>50.0 |
| સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 70<br>23.3 | 63<br>21.0 | 17<br>5.7 | 150<br>50.0 |
| સરેરાશ | 169<br>56.3 | 110<br>36.7 | 21<br>7.0 | 300<br>100.0 |
| સ્ત્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | |

પ્રસ્તુત કોષ્ટક નં. 3.1 માં ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોનું શિક્ષણ દર્શાવવામાં આવ્યું છે જેમાં નિરક્ષર 56.3 ટકા, પ્રાથમિક36.7 ટકા અને માધ્યમિક7.0 ટકા અભ્યાસ કરેલા સરેરાશ કુટુંબોના ઉત્તરદાતાઓ છે જે પૈકી સ્થળાંતર કરતાં કુટુંબોમાં નિરક્ષર 33.0 ટકા, પ્રાથમિક15.7 ટકા અને માધ્યમિક1.3 ટકા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં નિરક્ષર 23.3 ટકા, પ્રાથમિક21.0 ટકા અને માધ્યમિક5.7 ટકા અભ્યાસ કરેલા કુટુંબો છે. સ્થળાંતર કરતાં કુટુંબોમાં નિરક્ષર કુટુંબોનું પ્રમાણ 9.7 ટકા વધારે છે અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ 5.3 ટકા વધારે છે. કોષ્ટક પરથી જાણી શકાય છે કે સ્થળાંતર કરતાં કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

### 3.2ધાનપુર તાલુકાના કુટુંબોનું શિક્ષણ(Chi-Square Tests)

ધાનપુર તાલુકાનાસ્થળાંતર કરતાં કુટુંબોઅને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં શિક્ષણના પ્રમાણમાં તફાવત દર્શાવવા માટે નીચે મુજબ $X^2$ કર્યો છે.

આ અભ્યાસમાં વપરાયેલા બંને ચલો કેટેગરી ચલો છે માટે નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કોષ્ટક નં. 3.2

| ધાનપુર તાલુકાના કુટુંબોનું શિક્ષણ(Chi-Square Tests) | | | |
|---|---|---|---|
| વિગત | Value | df | Asymp. Sig. (2-sided) |
| Pearson Chi-Square | 15.351a | 2 | .000 |
| Likelihood Ratio | 15.998 | 2 | .000 |
| Linear-by-Linear Association | 15.028 | 1 | .000 |
| N of Valid Cases | 300 | | |
| a 0 cells (.0%) have expected count less than 5. The minimum expected count is 10.50. | | | |

ઉપરોક્ત કોષ્ટક નં. 4.4.2 દર્શાવે છે, કે સ્થળાંતર કરતાં આદિવાસી કુટુંબોના શિક્ષણમાં સામાન્ય તફાવત છે ($X^2$ =15.351(a)), df = 2, P < .000) સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોમાં શિક્ષણમાં સામાન્ય તફાવત જોવા મળે છે.

## 3.3આદિવાસી કુટુંબોની જમીનનુ પ્રમાણ

દાહોદ જિલ્લાના આદિવાસી કુટુંબોની અસ્કામત દર્શાવવામાં આવી છે જેમાં ખેતીલાયક જમીન, પિયત જમીન અને બિનપિયત જમીનનું સરેરાશ પ્રમાણ વિઘામાં દર્શાવવામાં આવ્યું છે જે નીચે પ્રમાણે છે.

કોષ્ટક નં. 3.3

| આદિવાસી કુટુંબોની જમીનનું પ્રમાણ | | | | |
|---|---|---|---|---|
| વિગત | કુટુંબો | N | Mean | Std. Deviation |
| ખેતીલાયક જમીન | સ્થળાંતર કરતાં કુટુંબો | 150 | 3.73 | 2.41 |
| | સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150 | 5.27 | 2.63 |
| પિયત જમીન | સ્થળાંતર કરતાં કુટુંબો | 150 | 1.66 | 1.27 |
| | સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150 | 2.81 | 1.60 |
| બિનપિયત જમીન | સ્થળાંતર કરતાં કુટુંબો | 150 | 1.60 | 2.08 |
| | સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150 | 1.47 | 1.63 |

પ્રસ્તુત કોષ્ટક નં. 3.3માંસ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોની અસ્કામતનું સરેરાશ પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે જે પૈકી ખેતીલાયક જમીન સ્થળાંતર કરતાં કુટુંબોમાં 3.73 ટકા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 5.27 ટકા છે, પિયત જમીન સ્થળાંતર કરતાં કુટુંબોમાં 1.66 ટકા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 2.81 ટકા છે અને બિનપિયત જમીન સ્થળાંતર કરતાં કુટુંબોમાં 1.60 ટકા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 1.47 ટકા છે

## 3.4આદિવાસી કુટુંબોની જમીનનુ પ્રમાણ(Independent Samples Test)

સ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોની જમીનના પ્રમાણમાં તફાવત દર્શાવવા માટે Tટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે નીચે પ્રમાણે છે.

સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોમાં વપરાયેલા ચલો કેટેગરી અને કન્ટ્યુની ચલો છે માટે Tટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કોષ્ટક નં. 3.4

| આદિવાસી કુટુંબોની જમીનનુ પ્રમાણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | Levene's Test for Equality of Variances | | t-test for Equality of Means | | | |
| | F | Sig. | t | df | Sig. (2-tailed) | Mean Difference |
| ખેતીલાયક જમીન | .000 | .992 | -5.27 | 298 | .000 | -1.54 |
| પિયત જમીન | 12.177 | .001 | -6.90 | 298 | .000 | -1.15 |
| બિનપિયત જમીન | 5.246 | .023 | .61 | 298 | .538 | .133 |

ઉપરોક્ત કોષ્ટકનં. 3.4દર્શાવે છે, કે સ્થળાંતર કરતાંઅને સ્થળાંતર નહી કરતાં કુટુંબોની ખેતીલાયક જમીનદર્શાવી છે-5.27, df 298, P <.000)ખેતીલાયક જમીનમાં બંન્નેકુટુંબો વચ્ચે તફાવત છે.

સ્થળાંતર કરતાંઅને સ્થળાંતર નહી કરતાં કુટુંબોની પિયત જમીનદર્શાવી છે -6.90, df 298, P <.000)પિયત જમીનમાં બંન્ને કુટુંબો વચ્ચે તફાવત છે.

સ્થળાંતર કરતાંઅને સ્થળાંતર નહી કરતાં કુટુંબોની બિનપિયત જમીનદર્શાવી છે.61, df 298, P >.538)બિનપિયત જમીનમાં બંન્ને કુટુંબો વચ્ચે તફાવત છે.

### 3.5ધાનપુર તાલુકાના કુટુંબોનો માસિક ખર્ચ

ધાનપુર તાલુકાનાસ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોનો ખાદ્ય વસ્તુ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક ખર્ચ દર્શાવવામાં આવ્યો છે જે સરેરાશ માસિક ખર્ચ નીચેના કોષ્ટક પ્રમાણે છે.

કોષ્ટક નં. 3.5

| ધાનપુર તાલુકાના કુટુંબોનો માસિક ખર્ચ | | | | |
|---|---|---|---|---|
| વિગત | કુટુંબો | N | Mean | Std. Deviation |
| ખાદ્ય વસ્તુ પાછળનો ખર્ચ | સ્થળાંતર કરતાં કુટુંબો | 150 | 10601.33 | 5468.02 |
| | સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150 | 10276.66 | 5138.52 |
| શિક્ષણ પાછળનો ખર્ચ | સ્થળાંતર કરતાં કુટુંબો | 150 | 197.33 | 296.66 |
| | સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150 | 357.68 | 397.19 |
| સ્વાસ્થ્ય પાછળનો ખર્ચ | સ્થળાંતર કરતાં કુટુંબો | 150 | 2250.13 | 3668.31 |
| | સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150 | 2469.33 | 2234.04 |
| સામાજિક ખર્ચ | સ્થળાંતર કરતાં કુટુંબો | 150 | 2360.80 | 3662.95 |
| | સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150 | 2495.33 | 2209.04 |

પ્રસ્તુત કોષ્ટક નં. 3.5 માંધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોનો માસિક ખર્ચ સરેરાશ ખર્ચ દર્શાવવામાં આવ્યો છે જે પૈકી ખાદ્ય વસ્તુ પાછળનો ખર્ચસ્થળાંતર કરતાં કુટુંબોનો 10601.33 રૂપિયા સરેરાશ માસિક ખર્ચ અને સ્થળાંતર નહી કરતાં કુટુંબો 10276.66 રૂપિયા છે, શિક્ષણ પાછળનોમાસિક ખર્ચસ્થળાંતર કરતાં કુટુંબોમાં 197.33 રૂપિયા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 357.68 રૂપિયા છે, સ્વાસ્થ્ય પાછળનોમાસિક ખર્ચસ્થળાંતર કરતાં કુટુંબોમાં 2250.13 રૂપિયા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 2469.33 રૂપિયા છે, સામાજિક પાછળનોમાસિક ખર્ચસ્થળાંતર કરતાં કુટુંબોમાં 2360.80 રૂપિયા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 2495.33 રૂપિયા છે.

### 3.6ધાનપુર તાલુકાના કુટુંબોનો માસિક ખર્ચ

ધાનપુર તાલુકાના રોજગારી માટે સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોના માસિક ખર્ચની તુલના કરવા માટેTટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે નીચેપ્રમાણે છે.

સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોમાં વપરાયેલા ચલો કેટેગરી અને કન્ટ્યુની ચલો છે માટે Tટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કોષ્ટક નં.3.6

| ધાનપુર તાલુકાના કુટુંબોનો માસિક ખર્ચ (Independent Samples Test) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | Levene's Test for Equality of Variances | | t-test for Equality of Means | | | |
| | F | Sig. | t | df | Sig. (2-tailed) | Mean Difference |
| ખાદ્ય વસ્તુ પાછળનો ખર્ચ | .009 | .923 | .530 | 298 | .597 | 324.66 |
| શિક્ષણ પાછળનો ખર્ચ | 15.096 | .000 | -3.961 | 298 | .000 | -160.34 |
| સ્વાસ્થ્ય પાછળનો ખર્ચ | .231 | .631 | -.625 | 298 | .532 | -219.20 |
| સામાજિક ખર્ચ | .195 | .659 | -.672 | 298 | .502 | -234.53 |

ઉપરોક્ત કોષ્ટકનં. 3.6દર્શાવે છે, કે સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોમાં ખાદ્ય વસ્તુ પાછળના માસિક ખર્ચમાં.530, df 298,P >.597)બંન્ને કુટુંબો વચ્ચે ખાદ્ય વસ્તુ પાછળના ખર્ચમાં સામાન્ય તફાવત છે.

સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોમાં શિક્ષણ પાછળનો ખર્ચમાં -3.961, df 298, P <.000)બંન્ને કુટુંબો વચ્ચે શિક્ષણ પાછળના માસિક ખર્ચમાં તફાવત છે.

સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોમાં સ્વાસ્થ્ય પાછળનું ખર્ચ -.625, df 298, P >.532)બંન્ને કુટુંબો વચ્ચે સામાન્ય તફાવત છે.

સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોમાં સામાજિક પાછળનું ખર્ચ -.672, df 298, P >.502)બંન્ને કુટુંબો વચ્ચે સામાન્ય તફાવત છે.

### 3.7ધાનપુર તાલુકાના કુટુંબોની દેવાની રકમ

ધાનપુર તાલુકાનાસ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોની દેવાની સરેરાશ રકમ દર્શાવવામાં આવી છે જે નીચે પ્રમાણે છે.

કોષ્ટક નં.3.7

| ધાનપુર તાલુકાના કુટુંબોની દેવાની રકમ | | | | |
|---|---|---|---|---|
| વિગત | કુટુંબો | N | Mean | Std. Deviation |
| દેવાની રકમ | સ્થળાંતર કરતાં કુટુંબો | 150 | 19513.33 | 30318.60 |
| | સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150 | 15080.00 | 28678.15 |

પ્રસ્તુત કોષ્ટક નં. 3.7 માં સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોમાં દેવાની સરેરાશ રકમ દર્શાવવામાં આવી છે જે પૈકી સ્થળાંતર કરતાં કુટુંબોમાં 19513.33 રૂપિયા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 15080.00 રૂપિયા સરેરાશ દેવાની રકમ છે.

### 3.8ધાનપુર તાલુકાના કુટુંબોની દેવાની રકમ (Independent Samples Test)

ધાનપુર તાલુકાના રોજગારી માટે સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોના માસિક ખર્ચની તુલના કરવા માટે T ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોનો અભ્યાસ કરવા વપરાયેલા ચલો કેટેગરી અને કન્ટ્યુની ચલો છે માટે Tટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કોષ્ટક નં.3.8

| ધાનપુર તાલુકાના કુટુંબોની દેવાની રકમ (Independent Samples Test) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | Levene's Test for Equality of Variances | | t-test for Equality of Means | | | |
| | F | Sig. | t | df | Sig. (2-tailed) | Mean Difference |
| દેવાની રકમ | 1.047 | .307 | 1.301 | 298 | .194 | 4433.33 |

ઉપરોક્ત કોષ્ટકનં. 3.8દર્શાવે છે, કે સ્થળાંતર કરતાં અને સ્થળાંતર નહી કરતાં આદિવાસી કુટુંબોમાં દેવાનું પ્રમાણ1.301, df 298,P >.194)તફાવત છે.

### 3.9ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબોનો પ્રકાર

ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબોનો પ્રકારોનો દર્શાવવામાં આવ્યાં છે જેમાં દૈનિક, ઋતુંગત અને કાયમી સ્થળાંતર કુટુંબોનો પ્રકાર નીચેના કોષ્ટક પ્રમાણે છે.

કોષ્ટક નં. 3.9

| ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબોનો પ્રકાર | | | | | |
|---|---|---|---|---|---|
| વિગત | સ્થળાંતર કરતાં કુટુંબોનો પ્રકાર | | | | કુલ |
| | સ્થળાંતર કરતાં નથી | દૈનિક | ઋતુંગત | કાયમી | |
| સ્થળાંતર કરતાં કુટુંબો | 00 | 14<br>4.7 | 117<br>39.0 | 19<br>6.3 | 150<br>50.0 |
| સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150<br>50.0 | 00 | 00 | 00 | 150<br>50.0 |
| સરેરાશ | 150<br>50.0 | 14<br>4.7 | 117<br>39.0 | 19<br>6.3 | 300<br>100.0 |
| સ્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | | |

પ્રસ્તુત કોષ્ટક નં. 3.9 માં ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબોનો પ્રકાર દર્શાવવામાં આવ્યાં છે જેમાં દૈનિક સ્થળાંતર કરતાં 4.7 ટકા કુટુંબો છે, ઋતુંગત સ્થળાંતર કરતાં 39.0 ટકા અને કાયમી સ્થળાંતર કરતાં 6.3 ટકા સ્થળાંતર કરતાં કુટુંબો છે. આદિવાસી મજૂરી માટે સ્થળાંતર કરતાં કુટુંબોમાં ઋતુંગત સ્થળાંતર કરતાં 39.0 ટકા કુટુંબો વધારે છે.

### 3.10ધાનપુર તાલુકાના કુટુંબોને સ્થળાંતર કરવા પાછળનું કારણ

ધાનપુર તાલુકાના કુટુંબોને સ્થળાંતર કરવા પાછળનું કારણ વેતનનું ઓછું પ્રમાણ, સ્થાનિક રોજગારી નહી મળવાથી, પુરતા દિવસ રોજગારી નહી મળવાથી અને સ્થળાંતર સ્થળે વેતન સમયસર મળવાથી દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આદિવાસી કુટુંબો રોજગારી માટે સ્થળાંતર વધું પ્રમાણમાં કરે છે જે નીચે પ્રમાણેના કોષ્ટક મુજબ છે.

કોષ્ટક નં. 3.10

| ધાનપુર તાલુકાના કુટુંબોને સ્થળાંતર કરવા પાછળનું કારણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | સ્થળાંતર કરવા પાછળનું કારણ | | | | | કુલ |
| | સ્થળાંતર કરતાં નથી | વેતન ઓછું | સ્થાનિક રોજગારી નહી મળતા | પુરતા દિવસ રોજગારી નહી મળવાથી | સ્થળાંતર સ્થળે વેતન સમયસર મળવાથી | |
| સ્થળાંતર કરતાં કુટુંબો | 00 | 51<br>17.0 | 02<br>0.7 | 74<br>24.7 | 23<br>7.7 | 150<br>50.0 |
| સ્થળાંતર નહી કરતાં કુટુંબો | 150<br>50.0 | 00 | 00 | 00 | 00 | 150<br>50.0 |
| સરેરાશ | 150<br>50.0 | 51<br>17.0 | 02<br>0.7 | 74<br>24.7 | 23<br>7.7 | 300<br>100.0 |
| સ્રોત : પ્રાથમિક માહિતીના આધારે | | | | | | |

પ્રસ્તુત કોષ્ટક નં. 3.10 માં દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રોજગારી માટે સ્થળાંતર કરતાં આદિવાસી કુટુંબોના કારણો દર્શાવવામાં આવ્યાં છે જેમાં વેતન ઓછું હોવાથી સ્થળાંતર કરતાં 17.0 ટકા કુટુંબો છે, સ્થાનિક સ્થળે રોજગારી નહી મળતાં સ્થળાંતર કરતાં 0.7 ટકા કુટુંબો છે, પુરતા દિવસ રોજગારી નહી મળવાથી સ્થળાંતર કરતાં 24.7 ટકા કુટુંબો છે અને સ્થળાંતર સ્થળે વેતન સમયસર મળવાથી સ્થળાંતર કરતાં 7.7 ટકા આદિવાસી કુટુંબો રોજગારી માટે સ્થળાંતર કરે છે કોષ્ટક પરથી સાબિત કરી શકાય છે કે આદિવાસી કુટુંબોને પુરતા દિવસ રોજગારી નહી મળવાથી સ્થળાંતર કરતાં 24.7 ટકા કુટુંબો છે જે સ્થળાંતરનું મુખ્ય કારણ ગણાવી શકાય છે.

### 3.2 સંશોધન અભ્યાસના તારણો

1. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આદિવાસી કુટુંબોમાં 56.3 ટકા નિરક્ષર, 36.7 ટકા પ્રાથમિક સુધી સિક્ષણ મેળવેલ અને માધ્યમિક શિક્ષણ મેળવેલ 7.0 ટકા સરેરાશ કુટુંબો છે.
2. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબો પૈકી સ્થળાંતર કરતાં કુટુંબોમાં ખેતીલાયક જમીન સરેરાશ 3.73 વિઘા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 5.27 વિઘા સરેરાશ જમીન છે. પિયત જમીન સ્થળાંતર કરતાં કુટુંબોમાં સરેરાશ 1.66 વિઘા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં સરેરાશ 2.81 વિઘા છે, બિનપિયત જમીન સ્થળાંતર કરતાં કુટુંબોમાં સરેરાશ 1.60 વિઘા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં સરેરાશ 1.47 વિઘા છે.
3. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબો પૈકી ખાદ્ય વસ્તુ પાછળનો ખર્ચ સ્થળાંતર કરતાં કુટુંબોનો 10601.33 રુપિયા સરેરાશ માસિક ખર્ચ અને સ્થળાંતર નહી કરતાં કુટુંબો 10276.66 રુપિયા છે, શિક્ષણ પાછળનોમાસિક ખર્ચ સ્થળાંતર કરતાં કુટુંબોમાં 197.33 રુપિયા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 357.68 રુપિયા છે, સ્વાસ્થ્ય પાછળનોમાસિક ખર્ચ સ્થળાંતર કરતાં કુટુંબોમાં 2250.13 રુપિયા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 2469.33 રુપિયા છે, સામાજિક

પાછળનોમાસિક ખર્ચ સ્થળાંતર કરતાં કુટુંબોમાં 2360.80 રૂપિયા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 2495.33 રૂપિયા છે.

4. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબો પૈકી સ્થળાંતર કરતાં કુટુંબોમાં 19513.33 રૂપિયા અને સ્થળાંતર નહી કરતાં કુટુંબોમાં 15080.00 રૂપિયા સરેરાશ દેવાની રકમ છે.

5. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબો પૈકી દૈનિક સ્થળાંતર કરતાં 4.7 ટકા કુટુંબો છે, ઋતુંગત સ્થળાંતર કરતાં 39.0 ટકા અને કાયમી સ્થળાંતર કરતાં 6.3 ટકા સ્થળાંતર કરતાં કુટુંબો છે. આદિવાસી મજૂરી માટે સ્થળાંતર કરતાં કુટુંબોમાં ઋતુંગત સ્થળાંતર કરતાં 39.0 ટકા કુટુંબો વધારે છે.

6. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સ્થળાંતર કરતાં કુટુંબો અને સ્થળાંતર નહી કરતાં કુટુંબો પૈકી વેતન ઓછું હોવાથી સ્થળાંતર કરતાં 17.0 ટકા કુટુંબો છે, સ્થાનિક સ્થળે રોજગારી નહી મળતાં સ્થળાંતર કરતાં 0.7 ટકા કુટુંબો છે, પુરતા દિવસ રોજગારી નહી મળવાથી સ્થળાંતર કરતાં 24.7 ટકા કુટુંબો છે અને સ્થળાંતર સ્થળે વેતન સમયસર મળવાથી સ્થળાંતર કરતાં 7.7 ટકા આદિવાસી કુટુંબો રોજગારી માટે સ્થળાંતર કરે છે કોષ્ટક પરથી સાબિત કરી શકાય છે કે આદિવાસી કુટુંબોને પુરતા દિવસ રોજગારી નહી મળવાથી સ્થળાંતર કરતાં 24.7 ટકા કુટુંબો છે

## REFERENCES

1. વિધુતજોષી. (2009). આદિવાસીવિકાસદર્શન.અમદાવાદ, ગુજરાત, ભારત: ગૂજરાતવિદ્યાપીઠ.
2. સુદર્શનઆયંગર. (2013). ત્રીમાસિકઅંક. અમદાવાદ, ગુજરાત: ગૂજરાતવિદ્યાપીઠ.
3. અર્જુનપટેલઅનેકિરણદેસાઈ. (1992). ગ્રામિણગુજરાતમાંશ્રમસ્થળાંતર(Vol. 3 ). સૂરત, ગુજરાત, ભારત: સેન્ટરફોરસોશિયલસ્ટડિઝ.
4. Y. j josi . (2009). Tribal Migration . Jaipu: Rawat publications 3- na-20 jawaat .
5. Rameez Abbas and Divya Varma. (2014, MARCH 3 ). Internal Labor Migration in India Raises Integration Challenges for Migrants. Publications Manager at the Migration Policy Institute.
6. Chetna and shvrup. ( 2008). A Rigorous Journey – Bhil Labour Migration to South Gujarat . DHAS GRAMIN VIKAS KENDRA KHEDUT MAZDOOR CHETNA SANGATH .
7. (2014-15). દાહોદનીસામાજિકઆર્થિકસમીક્ષા .દાહોદજિલ્લાપંચાયતભવન.
8. (2014-15). દાહોદજિલ્લાનીઆંકડાકિયરૂપરેખા .દાહોદપંચાયતભવન.